

તુજ જ્ઞાન ધ્યાનનો રંગ, અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા હાથ ગ્રહો.

# ૮૮મી જન્મજયંતી-વિશેષાંક


કહાન સં. ૨૧ સં. ૨૦૫૭ [૬૯૪] * આત્મધર્મ * [અંક-૨ વર્ષ-૫૮] વીર સં. ૨૫૨૭ ઓગસ્ટ-૨૦૦૧

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જેણે પાપના રાશિને નષ્ટ કર્યો છે, જેણે પુણ્યકર્મના સમૂહને હણ્યો છે, જેણે મદન (–કામ) વગેરેને ખંખેરી નાખ્યા છે, જે પ્રબળ જ્ઞાનનો મહેલ છે, જેને તત્ત્વવેત્તાઓ પ્રણામ કરે છે, જે પ્રકરણના નાશસ્વરૂપ છે (અર્થાત્ જેને કોઈ કાર્ય કરવાનું નથી–જે કૃતકૃત્ય છે), જે પુષ્ટ ગુણોનું ધામ છે અને જેણે મોહરાત્રિનો નાશ કર્યો છે, તેને (–તે સહજ તત્ત્વને) અમે નમીએ છીએ. ૬૯૩. *(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૧૫૧)*

❀ આત્મા જ આત્માને જન્મ અને નિર્વાણ પ્રતિ દોરે છે માટે નિશ્ચયથી આત્માનો ગુરુ આત્મા જ છે; બીજો કોઈ નહિ. ૬૯૪.

*(શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા–૭૫)*

❀ પ્રત્યેક જીવમાં નિરંતર જે 'અહં' પ્રત્યય એટલે 'હું–હું' એવો અનુભવ જોવામાં આવે છે તે ઉપરથી આત્માના હોવાપણાનો બોધ થાય છે, તેથી નિરંતર જીવને અનુસરીને થતાં એ 'અહં' પ્રત્યયથી જીવની સિદ્ધિ થાય છે, તથા સર્વ જીવો એકસરખા હોવા છતાં પણ તેમાં કોઈ દરિદ્રી અને કોઈ શ્રીમંત દેખવામાં આવે છે તેથી કર્મોનો સદ્ભાવ પણ સિદ્ધ થાય છે. ૬૯૫. *(શ્રી રાજમલ્લજી પંચાધ્યાયી, ભાગ–૨, ગાથા–૫૦નો ભાવાર્થ)*

❀ આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા વિભ્રમરૂપ આડી ચાદરને સમૂળગી ડુબાડી દઈને (દૂર કરીને) પોતે સર્વાંગ પ્રગટ થયો છે; તેથી હવે આ સમસ્ત લોક તેના શાંત રસમાં એકીસાથે જ અત્યંત મગ્ન થાઓ. કેવો છે શાંત રસ? સમસ્ત લોકપર્યંત ઊછળી રહ્યો છે. ૬૯૬.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૩૨)*

❀ મૈં ગોરા હૂં, મૈં કાલા હૂં, મૈં હી અનેક વર્ણવાલા હૂં, મૈં કૃષ શરીરવાલા હૂં, મૈં મોટા હૂં. ઈસપ્રકાર મિથ્યાત્વ પરિણામકર પરિણત મિથ્યાદૃષ્ટિ જીવકો તૂ મૂઢ માન. ૬૯૭.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.–૧, ગાથા–૮૦)*

❀ આત્મા નિર્દંડ, નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નિરાલંબ, નીરાગ, નિર્દોષ, નિર્મૂઢ અને નિર્ભય છે. ૬૯૮. *(શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર, ગાથા–૪૩)*

❀

કહાન
સંવત-૨૧
વર્ષ-૫૮
અંક-૨
[૬૯૪]




વીર
સંવત
૨૫૨૭
સં. ૨૦૫૭
AUG.
A.D. 2001

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના મંગલ ઉદ્‌ગાર

## * રાગાદિથી આત્મા જુદો જુદો સદાકાળ જુદો છે *

જ્ઞાયક આત્માને ઓળખવો. તે જ કરવાનું છે. આત્મા આ શરીરથી ભિન્ન—શરીરનાં દ્રવ્ય-ગુણ-પર્યાયથી જુદો છે. અંદર વિભાવ થાય તે પણ આત્માનો સ્વભાવ નથી. તેનાથી આત્મા જુદો, જુદો, સદાકાળ જુદો છે. અનંત કાળ જન્મ-મરણ કર્યાં તોય ચેતન તો એવો ને એવો છે. એના જ્ઞાયકસ્વરૂપમાં—તેના અનંતા ગુણોમાં કાંઈ ફેરફાર થયો નથી. ગમે તેટલાં જન્મ-મરણ થયાં, ગમે તેટલા વિભાવો થયા, તોય એના ગુણો એવા ને એવા ! એનું દ્રવ્ય એવું ને એવું !

દ્રવ્ય પર દૃષ્ટિ કરવી તે જ કરવાનું છે. તેના ઉપર દૃષ્ટિ કરવાથી, વારંવાર તે તરફનો અભ્યાસ કરવાથી અને ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરવાથી, વિકલ્પથી ખસીને જે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ થાય છે તે મુક્તિનો મારગ છે એમ ગુરુદેવે બતાવ્યું છે.

આત્મામાં જ્ઞાન, આનંદ આદિ અનંતા ગુણો ભરેલા છે. તે જગતથી જુદું, અનુપમ ને આશ્ચર્યકારી તત્ત્વ છે. એને ઓળખીને સ્વાનુભૂતિ કરવી તે જ મુક્તિનો મારગ છે. ક્ષણિક પર્યાયો છે તેમાં પણ અટકવા જેવું નથી. અનાદિ-અનંત શાશ્વત ચૈતન્યદ્રવ્ય કે જે પારિણામિકભાવસ્વરૂપ છે તેને ઓળખીને, તેનાં ઉપર દૃષ્ટિ દઈને અને બીજા બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને, અંતરદૃષ્ટિ પ્રગટ કરવી આત્માની. ચૈતન્ય.... ચૈતન્ય....ચૈતન્ય તરફ જવું, પરિણતિને તેના તરફ લેવી, મતિ અને શ્રુતનો ઉપયોગ જે બહાર જાય છે તેને અંતરમાં લાવવો; તે જ કરવાનું છે. આત્મા તરફ પરિણતિને દોડાવવી; વારંવાર એ જ કરવાનું છે. એમ કરતાં, વચ્ચે શુભ ભાવ આવે ખરા, પણ એ તો પુણ્યબંધનું

કારણ છે, આત્મા તો એ બધાથી જુદો છે, સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે શુભ ભાવ થાય તેનાથી પણ આત્મા જુદો છે—એમ બધાથી નિરાળા એવા ચૈતન્યતત્ત્વની શ્રદ્ધા કરવી. પહેલાં શ્રદ્ધા થાય અને પછી જેવી શ્રદ્ધા-પ્રતીતિ થાય એવો જ તેનો પુરુષાર્થ થાય. રુચિ અનુયાયી વીર્ય. જેની જેવી રુચિ અને શ્રદ્ધા હોય તેવો જ તેનો પુરુષાર્થ કામ કરે.

આત્માને બધાથી ન્યારો જાણવો એ જ કરવાનું છે. તે જ્ઞાતાસ્વભાવ જ્ઞાયકને ઓળખવો એ જ ગુરુદેવે કહ્યું છે. તે બધાએ કરવું. ક્યાંય અટકવા જેવું નથી. એકશાશ્વત દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ થાય છે. એ જ કરવા જેવું છે.

સ્ફટિકની જેમ આત્મા સ્વભાવે નિર્મળ છે. જેમ લાલ-પીળાં ફૂલને લઈને સ્ફટિક લાલ-પીળો દેખાય છે પણ સ્વભાવે એવો નથી, તેમ મૂળ દ્રવ્યસ્વભાવે આત્મા શુદ્ધ છે પણ પર્યાયમાં જે વિભાવ છે તેના ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને અંતરદૃષ્ટિ કરવી.

ભગવાને કેવળજ્ઞાન પ્રગટ કર્યું. ભગવાનનાં જે આ દ્રવ્ય-ગુણ-પર્યાય, એવાં જ પોતાનાં છે; જેવું સિદ્ધ ભગવાનનું સ્વરૂપ છે એવું પોતાનું સ્વરૂપ છે; તેવી દૃષ્ટિ કર.

ચૈતન્ય, જગતથી જુદું આશ્ચર્યકારી તત્ત્વ છે; જગત સાથે તેને કાંઈ મેળ નથી. ચેતનદેવનો સ્વભાવ ચૈતન્ય. ચેતન દેવ છે માટે તેને જો. દ્રવ્યદૃષ્ટિ—સ્વભાવમાં એકત્વ ને પરથી વિભક્ત એવી ભેદજ્ઞાનની ધારા—પ્રગટ કરવી. સ્વભાવમાં એકત્વ કરવું, પરિણતિ તે તરફ વાળવી. દૃષ્ટિ, જ્ઞાન ને ચારિત્રસ્વરૂપે રમણ કરતાં સ્વભાવનો કર્તા પોતે;—સ્વભાવનો કર્તા, વિભાવનો અકર્તા; પર પદાર્થને તો કરી શકતો જ નથી;

**વિભાવને હું કરું છું–એવી કર્તાબુદ્ધિ અનાદિની છે.** કર્તાબુદ્ધિ તોડીને જ્ઞાતાબુદ્ધિ કર્યા પછી પણ અસ્થિરતા રહે છે. પરંતુ સ્વભાવની ધારા જેમ ઉગ્ર થતી જાય છે તેમ વિભાવ પણ અલ્પ અલ્પ થતો જાય છે. સ્વભાવની ધારા પ્રગટ કર, વીતરાગ દશા પ્રાપ્ત કર, તો સ્વભાવની ધારામાં વિભાવ બધો ક્ષય થઈને કેવળજ્ઞાન થશે. મુનિ તો વારંવાર ચેતન...ચેતન...ચેતનદેવનાં દર્શન કરે છે ને વારંવાર સ્વાનુભૂતિનો સ્વાદ લે છે.

ગુરુદેવે માર્ગ બતાવ્યો છે. ચેતનમાં આનંદ ને જ્ઞાન...કોઈ જાણતું'તું જ ક્યાં? બહારમાં ક્યાંય નથી, અંતરમાં બધું છે;—તે બધું ગુરુદેવે બતાવ્યું. કોણ જાણતું' તું? બધા ક્રિયામાં પડેલા હતા. અંતરદૃષ્ટિ—જ્ઞાન ને આનંદથી ભરેલું જુદું ચૈતન્યતત્ત્વ અંદર નિર્વિકલ્પ દશામાં પ્રાપ્ત થાય તે આખી દૃષ્ટિ જ—ગુરુદેવે આપી. તેમનો જ બધો ઉપકાર છે.

❀ પ્રશ્ન :—સમ્યગ્દર્શનનો વિષય ઉપાદેય છે કે સમ્યગ્દર્શન ઉપાદેય છે?

સમાધાન :—સમ્યગ્દર્શન પ્રગટ કરવાની અપેક્ષાએ ઉપાદેય છે, પણ ખરી રીતે તો સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવદ્રવ્ય છે તે ઉપાદેય છે અર્થાત્ ધ્રુવદ્રવ્ય ગ્રહણ કરવા યોગ્ય છે. સમ્યગ્દર્શન તો પર્યાય છે અને પર્યાય ઉપર દૃષ્ટિ કરવાની હોતી નથી. દૃષ્ટિ તો ધ્રુવદ્રવ્ય ઉપર કરવાની હોય છે, માટે વાસ્તવિક રીતે ઉપાદેય તો પરમ પારિણામિક ભાવ સ્વરૂપ અનાદિ-અનંત ધ્રુવ આત્મા છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવા યોગ્ય છે, પણ પર્યાય ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થતી નથી. એ તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. માટે વાસ્તવિક રીતે ધ્રુવદ્રવ્ય પરમ પારિણામિક ભાવ સ્વરૂપ જે આત્મા છે તે–ગ્રહણ કરવા યોગ્ય છે,–ઉપાદેય છે. સમ્યગ્દર્શન, કેવળજ્ઞાન આદિ પ્રગટ કરવાની અપેક્ષાએ બધું ઉપાદેય છે; પણ તેના ઉપર દૃષ્ટિ કરવાથી સુખ પ્રગટ થતું નથી. તેથી વાસ્તવિક ઉપાદેય ધ્રુવ આત્મા છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવાથી સુખ-આનંદ પ્રગટ થાય છે, માટે તે ઉપાદેય છે. આમ બંનેની અપેક્ષાઓ જુદી છે. સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, કેવળજ્ઞાન વગેરે બધું ઉપાદેય છે, પણ તે પર્યાય હોવાથી તેના ઉપર દૃષ્ટિ દેવાથી સુખ પ્રગટ થતું નથી. ધ્રુવ ઉપર દૃષ્ટિ કરવાથી પ્રગટ થાય છે, માટે ધ્રુવ ઉપાદેય છે.

આ રીતે કોઈ અપેક્ષાએ સમ્યગ્દર્શન ઉપાદેય છે અને કોઈ અપેક્ષાએ ધ્રુવ ઉપાદેય છે. તે બંને ઉપાદેય છે, પણ અપેક્ષા જુદી છે. એક વ્યવહાર છે અને એક નિશ્ચય છે. પણ તે વ્યવહાર એવો નથી કે કાંઈ છે જ નહિ, એમ નથી. સમ્યગ્દર્શન આદિ અનંત શુદ્ધપર્યાય વેદનમાં આવે છે તેથી ઉપાદેય છે. પરંતુ તે અનંતપર્યાય ધ્રુવને ગ્રહણ કરવાથી વેદનમાં આવે છે. માટે ખરેખર ધ્રુવ ઉપાદેય છે. સમ્યગ્દર્શન સર્વથા ઉપાદેય નથી એમ નથી, તે ઉપાદેય છે, પણ તે વ્યવહાર અપેક્ષા છે અને ધ્રુવ ઉપાદેય છે તે નિશ્ચય અપેક્ષા છે.

❀ પ્રશ્ન :–અનેક પડખેથી આચાર્ય ભગવંત સ્વભાવનો મહિમા કરે છે તે વાંચીએ છીએ, સાંભળીએ છીએ પણ અંદરમાંથી મહિમા કેમ આવતો નથી ? મહિમા–રુચિ કેમ થાય ?

સમાધાન :—બધું કારણ પોતાનું જ છે, બીજા કોઈનું કારણ નથી, મહિમા નહિ આવવાનું કારણ પોતાનું જ છે. પોતે પુરુષાર્થ કરે તો મહિમા–રુચિ થાય, અંદર પોતાને ઓળખે તો મહિમા–રુચિ થાય. પોતાને એટલી લગની લાગી નથી, ધગશ લાગી નથી, એટલે મહિમા–રુચિ થતાં નથી. પોતે બહારમાં ક્યાંક રોકાઈ જાય છે એટલે મહિમા આવતી નથી. અનંતકાળ આમ ને આમ ગયો તેમાં બધું કારણ પોતાનું છે, બીજા કોઈનું કારણ નથી.

*

# યથાર્થ ભાવના હોય તે ફળ્યે જ છૂટકો

['બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના નાઈરોબીમાં થયેલા પ્રવચનોમાંથી]

ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને—ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. ૨૧.

'ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો.'

આ, બેનનાં વચનામૃતનો ૨૧ મો બોલ છે. જરા વિચાર કરવાનો અવકાશ હોય એને સમજવા માટે આ વાત છે. બાપુ! **જેને હજી લૌકિક નીતિનાં ઠેકાણાં ન હોય તેને આ વાત સમજવામાં આવે નહિ.** સાંભળવા મળે તોપણ એને રુચે નહિ.

જે જ્ઞાન ને આનંદનો કંદ છે, જેમાં અનંત ગુણ વસેલા છે, એવી જે વસ્તુ–ચીજ છે તેને અહીં 'ચૈતન્ય' કહ્યું છે.

આ આનંદસ્વરૂપ ચૈતન્યભગવાનને ચૈતન્યમાંથી પરિણમેલી—અંતરમાંથી થયેલી—દશા એટલે કે રાગ-દ્વેષરૂપ સંસારના પરિણામમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. સંસારનાં પાપના પરિણામની રુચિ તો ન હોય, પણ પુણ્યના પરિણામની પણ અંદર રુચિ ન હોય. જેને પાપના તીવ્ર પરિણામ છે તેને તો આ વાત સાંભળવી પણ અંદર ન રુચે.

શ્રોતા :—છૂટવાનો રસ્તો જોઈએ ને?

પૂજ્ય ગુરુદેવ :—આ રસ્તો છૂટવાનો છે. ચૈતન્ય આત્માને આત્મામાંથી પરિણમેલી—રાગ–આદિમાંથી નહિ જન્મેલી—ભાવના એ જ છૂટવાનો રસ્તો છે.

અહા! સહેલા શબ્દોમાં આ, બેનની અનુભવની વાણી છે. તેમને અસંખ્યાત અબજ વર્ષનું જાતિસ્મરણજ્ઞાન છે. બેનને અસંખ્ય અબજ વર્ષનું ઘણું સ્પષ્ટ જ્ઞાન છે,

કેમ કે પોતે પૂર્વે ત્રીજા સનત્કુમાર સ્વર્ગમાં હતા તે યાદ આવે છે તેમ જ ત્યાર પહેલાંના ભવો પણ યાદ આવે છે. જેમ કાલની વાત યાદ આવે એમ અસંખ્ય અબજો વર્ષની વાત યાદ આવી છે.

ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે આત્મામાંથી થયેલી દશા હોય તો તે ફળે જ. આ વાત નવી નથી; જૈન પરમેશ્વર, તીર્થંકર, ત્રિલોકનાથ પરમાત્મા કહી રહ્યા છે તે આ વાત છે. સમજવા માટે એને પોતાને નવી લાગે, પણ સર્વજ્ઞ પરમાત્માની વાણી તો પ્રવાહે અનાદિથી ચાલે છે. અહીં ભરત ને ઐરાવતમાં તીર્થંકરનો વિરહ પડે પણ મહાવિદેહમાં કોઈ દિવસ તીર્થંકરનો વિરહ ન હોય. અહા ! તું ત્યાં અનંત વાર જન્મ્યો છે ને સમવસરણમાં પણ ગયો છે, પણ અંતરમાંથી ઘા વાગ્યો નથી. બહારની રુચિ ને પ્રેમમાં ત્યાં ને ત્યાં અટવાણો.

જરી સૂક્ષ્મ વાત છે. બેન બોલી ગયાં છે; ત્યારે બ્રહ્મચારી દીકરીઓ બેઠી હશે એમણે થોડું લખેલું એટલે આ બહાર આવ્યું; નહિ તો બહાર આવે નહિ. બેનની નીચે ૬૪ બાળબ્રહ્મચારી દીકરીઓ છે. તેમાં કેટલીક ગ્રેજ્યુએટ ને લાખોપતિની દીકરીઓ છે.

બેન તો બહારથી મરી ગયેલાં છે.

એમને તો અતીન્દ્રિય આનંદ એટલો ઊઘડ્યો છે કે જેના રસ આગળ, કોણ સામું જુએ છે ને કોણ પગે લાગે છે તેની કાંઈ દરકાર નથી.

એમનાં રાત્રિનાં વાંચનમાં આ વચનો નીકળી ગયાં છે.

આત્માને આત્મામાંથી પરિણમેલી....ભાવના ફળ્યે જ છૂટકો.

શ્રોતા :—'પરિણમેલી' કેમ લીધું ?

પૂજ્ય ગુરુદેવ :—એકલી કલ્પના કે જાણપણાની ધારણા કરી રાખી છે એમ નહિ, પણ પોતાને અંદર તે પ્રકારનું પરિણમન થયું છે. આત્મા જ્ઞાનાનંદ છે તેવી દશા થઈ છે, જાણપણું કે ધારણા રાખીને વાત કરી નથી.

'ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના'—શબ્દો થોડા છે પણ ભાવ ઘણા ઊંચા છે. ચૈતન્ય કહેવો કોને ? પરમાનંદ ને પરમજ્ઞાનની શક્તિના પિંડલાને—સ્વભાવે જે અનાદિ-અનંત છે, અતીન્દ્રિય સચ્ચિદાનંદમય દ્રવ્ય છે એ ત્રિકાળી ચીજને. આવરણ રહિત એવી અંદર જે ચીજ છે એની દૃષ્ટિ થઈને એમાંથી પરિણમેલી દશા એટલે કે સમ્યગ્દર્શન પ્રગટ કરવાની ભાવના યથાર્થ હોય તો તે ફળ્યે જ છૂટકો. વાત તો આ છે; બાકી બધું ઘણું જોયું. પાલેજમાં પાંચ વર્ષ દુકાન ચલાવી; ત્યાં પણ હું તો શાસ્ત્ર

જ વાંચતો. પૂર્વના સંસ્કાર હતા ને !

રાગ-દ્વેષ નહિ, પુણ્ય-પાપ નહિ, જેનાં નૈતિક જીવન ઊંચા હોય છે છતાં તે તરફ પણ લક્ષ નહિ, પણ અંતરમાં જે ચૈતન્યવસ્તુ છે તેની દૃષ્ટિ થતાં તેમાંથી નીકળેલી— પરિણમેલી દશા, ચૈતન્યના દળમાંથી—જેમ કૂવામાંથી અવેડામાં આવે, પ્રાપ્તની પ્રાપ્તિ થાય તેમ—પરિણમીને પ્રવાહ આવ્યો એવી જે દશા એટલે કે રાગદ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ફળે જ.

પ્રભુ ! તારી પ્રભુતાની વાતો ઝીણી છે. ભગવાન પણ તે પૂરણ કહી શક્યા નથી.

**'જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦'**

ભગવાન આત્મા અંદર ચૈતન્યનૂરનું પૂર છે. એમાંથી ઊગેલી ભાવના યથાર્થ હોય તે ફળે જ. અહીં 'યથાર્થ' ઉપર વજન છે, કલ્પના કરીને નહિ. જેવી ચીજ છે તેવી ભાવના હોય તો તે ફળ્યે જ છૂટકો. તે ભાવનામાંથી કેવળજ્ઞાન આવ્યે જ છૂટકો. બીજ ઊગી ને પૂનમ ન થાય એમ ત્રણ કાળમાં બને જ નહિ, પૂનમ થાય જ; એમ જેને અંદર આત્મામાં સમ્યક્ત્વરૂપી બીજ ઊગી, અંતરમાં રાગદ્વેષથી રહિત થઈ ચૈતન્યની બીજ ઊગી—પરિણમેલી દશા ઊગી તે બીજ છે—, તે બીજમાંથી પૂર્ણતા થયે જ છૂટકો. સમ્યગ્દર્શનની પરિણતિ થઈ એટલે કેવળજ્ઞાન લીધે જ છૂટકો. બીજ પછી તેર દિવસે પૂનમ થાય તેમ સમ્યગ્દર્શન થતાં એક-બે અથવા તો થોડા ભવમાં કેવળજ્ઞાન આવ્યા વગર રહેતું નથી.

બેન વિચારીને અનુભવમાંથી બોલતાં હતાં. બેનનાં વચનો છે; અનુભૂતિમાંથી નીકળ્યાં છે; અંતર આનંદના અનુભવમાંથી આવેલી વાત છે. ઝીણી વાત, બાપુ ! બહુ સાદી ભાષા !

ચૈતન્યને ચૈતન્યમાંથી યથાર્થ ભાવના, બાહ્ય કોઈ પણ વર્તન કે વિકલ્પની જ્યાં અપેક્ષા નથી એવી સાચી ભાવના, હોય તો તે ફળે જ છે. 'આ જ કરવાનું છે' એમ જે ચૈતન્યની ભાવના પરિણમી તે પૂરણ ફળ્યે જ છૂટકો. એનું ફળ પૂરણ આવશે જ.

'જો ન ફળે તો જગતને—ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ.'

અહીં એ કહે છે કે—નિત્યાનંદનો નાથ આત્મા અંદર બિરાજે છે; તેની, રાગ-દ્વેષ વિનાની, ભાવના જો ન ફળે તો આત્મદ્રવ્ય જ ન રહે; જો દ્રવ્ય ન રહે તો જગત શૂન્ય થઈ જાય; પણ એમ કદી બનતું જ નથી. 'ભાવના ફળે જ' એમ પહેલાં અસ્તિથી વાત કરી અને 'ન ફળે તો જગતને શૂન્ય થવું પડે અથવા તો આ આત્મદ્રવ્યનો જ નાશ થઈ જાય' એમ અહીં નાસ્તિથી વાત કરે છે.

રાગ-દ્વેષથી રહિત થઈને ચૈતન્યની ભાવના થાય તો કેવળજ્ઞાન થયે જ છૂટકો. જો એક ભાવનાનું ફળ ન આવે તો દરેક—બધી—ભાવનાનું ફળ ન આવે; એમ થતાં વિકારી ભાવનાનું ફળ એવું આ જગત—ચાર ગતિ ને ૮૪ લાખ યોનિ વગેરે બધું—શૂન્ય થઈ જાય. પાપ-પરિણામનું ફળ નરક-નિગોદ આદિ ન આવે, પુણ્યપરિણામનું ફળ સ્વર્ગ-મનુષ્યપણું ન આવે ને ચૈતન્યમાં એકાગ્રતાના પરિણામનું ફળ કેવળજ્ઞાન ન આવે. એ રીતે સંસાર–મોક્ષનો અભાવ થવાથી જગતને શૂન્ય થવું પડે. પણ એવું ત્રણ કાળમાં બને નહિ.

મનુષ્ય કોને કહીએ ? 'मन्यते—मनुते जानाति इति मनुष्यः।' આત્માનું સ્વરૂપ જાણે તે ખરેખર મનુષ્ય છે. બાકી બધાને પશુ કહીએ. ચૈતન્યસ્વરૂપ આત્માને જાણે, તેનું મનન ને ધ્યાન કરે, તે મનુષ્ય. જેને ચૈતન્યની ભાવના—સમ્યગ્દર્શન નથી તે ચાલતાં મડદાં છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ ભાવપ્રાભૃતમાં કહે છે :

**જીવમુક્ત શબ કહેવાય, 'ચલ શબ' જાણ દર્શનમુક્તને;**
**શબ લોક માંહી અપૂજ્ય, ચલ શબ હોય લોકોત્તર વિષે. ૧૪૩.**

—જેને આત્માની રુચિ નથી, તેના તરફનું વલણ નથી, તેના તરફનો અંદરમાં પ્રેમ નથી, તે બધાં ચાલતાં મડદાં છે.

જેને આત્માની ભાવના થાય તેને તેનું ફળ—સર્વજ્ઞપણું—જો ન આવે તો જગતને શૂન્ય થવું પડે. ભાવના જો ન ફળે તો પુણ્યનું ફળ જે સ્વર્ગ-મનુષ્ય ને પાપનું ફળ જે નરક-નિગોદ તેનો નાશ થઈ જાય; એમ થતાં જગત શૂન્ય થઈ જાય. પરંતુ એમ કદી બને જ નહિ. તે શબ્દોની અંદર આ અર્થ ભર્યો છે. અહા ! બોલ આવ્યો છે ઊંચો. ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે એનો અર્થ આવો છે.

જગત છે, પુણ્ય-પાપના ફળરૂપે સ્વર્ગ-નરક છે ને આત્માની ભાવનાના ફળરૂપે સિદ્ધપદ પણ છે. જો ભાવના ન ફળે તો ભાવનાના ફળરૂપ એ વસ્તુ જ રહેતી નથી.

યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. ભાવના કોઈ નિષ્ફળ

હોતી નથી. પાપભાવનાઓ નરકાદિપણે ફળે છે, શુભભાવનાઓ સ્વર્ગાદિપણે ફળે છે અને ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના માર્ગફળપણે—મોક્ષપણે—ફળે છે. જો ભાવનાઓ નિષ્ફળ જાય તો તે ભાવનાના ફળરૂપ સ્વર્ગ, નરક ને મોક્ષ વગેરેનો અભાવ થતાં જગતને—ચૌદ બ્રહ્માંડને—શૂન્યતા આવી પડે. ફળસ્થાનરૂપ ચૌદ બ્રહ્માંડ શૂન્ય થતાં તેના કારણરૂપ ભાવનાઓનો તથા તે ભાવનારૂપ પરિણમતા આ આત્માનો—દ્રવ્યનો—નાશ થઈ જાય; પણ એવું કદી બને જ નહિ.

અંદર ભગવાન આત્મામાં ચૈતન્યમાં જે બીજડાં વાવ્યાં તે ઊગીને કેવળજ્ઞાન ન થયા તો તે આત્મા જ રહી શકે નહિ એટલે કે આ દ્રવ્યનો જ—આત્માનો જ—નાશ થઈ જાય. જે પર્યાય છે, એનું ફળ ન આવે તો તે પર્યાય જ ન રહે અને જો પર્યાય ન રહે તો જેની એ પર્યાય છે તે દ્રવ્યનો જ અભાવ થઈ જાય—નાશ થઈ જાય.

જેવા પરિણામ કર્યા તેવું ફળ આવ્યા વિના રહે જ નહિ. ચાર ગતિ ને સિદ્ધદશા તે પરિણામનું ફળ છે. જો પરિણામનું ફળ ન આવે તો ચાર ગતિ ને સિદ્ધદશા નહિ રહી શકે. એમ થતાં પર્યાય વિના દ્રવ્યનો નાશ થઈ જાય. દ્રવ્યનો નાશ થતાં જગતનો પણ નાશ થઈ જાય. પરંતુ એમ કદી બને જ નહિ.

અહા ! આ વાત પંચમ આરાનાં પ્રાણીઓને કહી છે. વસ્તુ છે તેને કોઈ પાંચમો આરો નડતો નથી, કારણ કે શાસ્ત્રમાં જે કહ્યું છે તે પંચમ આરાના સાધુએ પંચમ આરાના જીવો માટે કહ્યું છે, ચોથા આરાના જીવને કહ્યું નથી.

પહેલાં 'જગતને શૂન્ય થવું પડે' એમ સમુચ્ચયે વાત કરી. હવે કહે છે કે જો ભાવના ન ફળે તો આ દ્રવ્યનો નાશ થઈ જાય, એટલે કે ભાવનાનું ફળ જે દ્રવ્યની પૂરણ અવસ્થા તે જો ન થાય તો તે દ્રવ્ય જ રહી શકે નહિ, તેનો નાશ થાય.

શ્રોતા :—પોતાની ભાવના પોતાને ન ફળે એમાં જગતને શૂન્ય શા માટે થવું પડે ?

પૂજ્ય ગુરુદેવ :—જગત ચૈતન્યના પરિણામ સાથે કુદરતે બંધાયેલું છે, સંકળાયેલું છે. કુદરત એટલે દ્રવ્યનો એવો સ્વભાવ. ચૈતન્ય એ સ્વતંત્ર દ્રવ્ય છે. તેની ભાવના જો નિષ્ફળ હોય તો ભાવનાના ફળભૂત જે આ ઊપજવાનાં સ્થાનરૂપ ચાર ગતિમય જગત, તે જ સિદ્ધ ન થાય. એમ થતાં ભાવના, ભાવનાનું ફળ ને ભાવના કરનાર દ્રવ્ય—કાંઈ પણ રહે નહિ, બધું નાશ થઈ જાય. પણ એમ કદી બને નહિ.

બેન રાત્રે થોડું બોલ્યાં હશે. બેનો-દીકરીઓએ તે લખી લીધું હશે. અહા !

આત્માના સમ્યગ્દર્શન ને અનુભૂતિમાંથી આ વાણી આવી છે; અનુભૂતિમાંથી આ લખાયું છે.

અહા ! જોર અંદર અપ્રતિહત ભાવનાનું છે. જો ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના થઈ તો આત્મા પૂરણ થયે જ છૂટકો. તેમાં કોઈ વિઘ્ન-બિઘ્ન આવશે નહિ. આ તો અંદરના જોરની વાત છે. અહા ! બધા આત્મા એક સમયની વર્તમાન પર્યાય સિવાય અંદર ભગવાનસ્વરૂપ જ છે. નિગોદથી માંડી સિદ્ધ સુધી દ્રવ્ય જે છે તે તો ત્રિકાળ નિરાવરણ આનંદકંદ છે, અવિનાશી છે. આવી ચીજની અંતરમાં દૃષ્ટિ થઈ, આવી ચીજની અંતર ભાવના થઈ અને તે ચીજ—આત્મા—પ્રાપ્ત ન થાય એવું ત્રણ કાળમાં બને નહિ.

શ્રોતા :—પ્રાપ્ત થતો નથી તેનું શું કારણ ?

પૂજ્ય ગુરુદેવ :—આત્માને પકડવા માટે જેટલો જોઈએ એટલા પુરુષાર્થનો અભાવ છે. માટે પ્રાપ્ત થતો નથી. અહા ! ભગવાન આત્મા—સચ્ચિદાનંદ પ્રભુ—એ તો અનંત ગુણનો દરિયો છે, અનંત ગુણનો સાગર છે. તે ચીજ પકડવામાં આવે, સમ્યગ્દર્શન-જ્ઞાન થાય, ભાવના થાય, ને કેવળજ્ઞાન ન થાય અને દ્રવ્ય પૂર્ણ પર્યાયપણે ન પરિણમે એ ત્રણ કાળમાં બને નહિ.

સમયસારની ૩૮મી ગાથાની ટીકામાં કહ્યું છે : અપ્રતિબુદ્ધ જ્યારે સમકિત પામ્યો ત્યારે તે કહે છે કે—મારું સમકિત નહિ પડે. સાધકભાવ છે તો આત્માનો સાધ્યભાવ પ્રગટ થશે જ.—એવો જ ભાવ લીધો છે; પડી જાય એની વાત ત્યાં લીધી જ નથી.

'ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે.'

પાપ કર્યાં હોય તો નરક નિગોદ, પુણ્ય કર્યાં હોય તો સ્વર્ગ-આદિ ને ચૈતન્યના પરિણામ કર્યા હોય તો મુક્તિ;—કુદરતમાં એનું ફળ આવ્યા વગર રહે જ નહિ. બીજ ઊગી તે પૂનમ થયા વિના રહે જ નહિ. તેમ જેને ચૈતન્યની ભાવના પ્રગટી તેને મોક્ષ થયા વિના રહે જ નહિ. આ બેનના શબ્દો છે.

જેવા પુણ્ય, પાપ ને ધર્મના પરિણામ કરે તેના પ્રમાણમાં એનું ફળ જગતમાં આવે—એમ આત્માના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે—ચૌદ બ્રહ્માંડ સંકળાયેલું છે. માંસ વગેરે ખાવાના પાપપરિણામ કરે ને નરકમાં ન જાય તો નરક જ રહી શકે

નહિ, પુણ્યના પરિણામ કર્યા ને સ્વર્ગ ન મળે તો સ્વર્ગ જ રહી શકે નહિ અને આત્માના શુદ્ધ પરિણામ કર્યા ને મુક્તિ ન મળે તો તે સિદ્ધગતિ રહી શકે નહિ—એ રીતે જગતને શૂન્ય થવું પડે. પરંતુ એમ બને જ નહિ. આત્માના પરિણામ સાથે કુદરતનો મેળ છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે.

'આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.'

પરિણામનું ફળ ન આવે તો અનંતા તીર્થંકરોએ કહેલી વાત ખોટી પડે. પાપના પરિણામ કરે તો નરક-નિગોદ મળે, પુણ્યના પરિણામ કરે તો સ્વર્ગ-મનુષ્યપણું મળે—પછી ભલે રખડે ચાર ગતિમાં—અને આત્માના શુદ્ધ પરિણામ કરે તો મુક્તિ મળે;—એ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.

બેન તો તીર્થંકર પાસે હતા. મહાવિદેહમાં (સીમંધર) ભગવાન બિરાજે છે એમની પાસે હતા. ત્યાં (પુરુષ-મિત્રપણે) અમારી સાથે હતા. અમે ક્યાંથી આવ્યા ને ક્યાં જવાના તે અંદરથી નક્કી થઈ ગયું છે. મહાવિદેહમાંથી આવ્યા છીએ. ત્યાં સીમંધરપ્રભુ સમવસરણમાં બિરાજે છે. ત્યાં હું રાજકુમાર તરીકે હતો. હાથી, ઘોડા ને અબજોની પેદાશ હતી. વિક્રમ સંવત ૪૯માં શ્રી કુંદકુંદાચાર્યદેવ અહીંથી મહાવિદેહમાં ગયા હતા ત્યારે હું પણ હાથીના હોદ્દે દર્શન કરવા ગયેલો. ઝીણી વાત છે.

બેન ત્યાં શેઠના દીકરા હતા. ત્યાંથી અમે આવ્યા છીએ. અમારી વાતો ઝીણી છે; અમારા મોઢે અમારી વાત કહેવી શોભે નહિ. અહીંથી સ્વર્ગમાં જવાના છીએ—અહીંથી દેવ થવાના છીએ. (ત્યાર પછી) બીજા ભવમાં તીર્થંકરના પુત્ર તરીકેનો (મારો) અવતાર છે. ત્રીજા ભવમાં (અહમિન્દ્રનું) સ્વર્ગ છે. ચોથા ભવમાં (ધાતકીખંડના વિદેહક્ષેત્રમાં) તીર્થંકર થઈને મોક્ષ જવાનો છું.

આવું વ્યાખ્યાન કોઈ વાર આવ્યું નથી. આ તો બેન આમાં બોલ્યાં છે તેથી થોડું કહીએ છીએ. એથી ઝીણી વાતો આઘી છે. તે અમને પ્રત્યક્ષ થઈ ગયેલું છે.

અહીં કહે છે કે—ચૈતન્યના પરિણામમાં ચૈતન્યની પરિપૂર્ણતા આવે એમ અનંત તીર્થંકરોએ કહ્યું છે. ભગવાન ચૈતન્યસ્વરૂપનો પુણ્ય ને પાપના વિકલ્પોથી રહિત અંતરમાં અનુભવ હોય, દૃષ્ટિ હોય, ભાવના હોય, નિર્વિકલ્પ નિર્મળ દશા હોય અને પરમાત્મપદ—સાધ્ય—પ્રાપ્ત ન થાય એવું ત્રણ કાળમાં બને નહિ આ, અનંતા તીર્થંકરોએ કહેલું પરમ સત્ય છે.

*

# જિન-ઉપદેશને પામીને મોહને હણો

(શ્રી પ્રવચનશાસ્ત્રની ગાથા–૮૮ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

પ્રવચનસાર—૮૮મી ગાથા....તેનો ઉપોદ્‌ઘાત—

હવે, એ રીતે મોહક્ષયના ઉપાયભૂત જિનેશ્વરના ઉપદેશની પ્રાપ્તિ થવા છતાં પણ પુરુષાર્થ અર્થક્રિયાકારી છે તેથી પુરુષાર્થ કરે છે :—

અહા ? જિનેશ્વરનો ઉપદેશ મળવા છતાં સર્વ દુ:ખનો ક્ષય કરવા માટે પુરુષાર્થ પ્રયોજનભૂત છે તેથી પુરુષાર્થ કરે છે એમ કહ્યું છે વળી अचिरेण શબ્દ આવશે. હવે આમાં ક્રમબદ્ધ ક્યાં રહ્યું ? આ બધું ક્રમબદ્ધમાં જ છે. **ક્રમબદ્ધનો પુરુષાર્થ એ જ અકર્તાપણાનો અને જ્ઞાતાપણાનો પુરુષાર્થ છે તે જ સર્વ દુ:ખથી મુક્ત થવાનો ઉપાય છે.**

जो मोहरागदोसे णिहणदि उवलब्भ जोण्हमुवदेसं ।
सो सव्वदुक्खमोक्खं पावदि अचिरेण कालेण ॥८८॥

"જે પામી જિનઉપદેશ, હણતો રાગ-દ્વેષ-વિમોહને,
તે જીવ પામે અલ્પકાળે, સર્વ દુ:ખવિમોક્ષનો." ૮૮.

લ્યો–અહીં તો અલ્પકાળમાં તે જીવ મુક્તિ પામશે એમ આવ્યું, ક્રમબદ્ધમાં પામશે એમ ન આવ્યું–(એમ કોઈને લાગે) પણ એનો અર્થ જ એ છે કે જે સ્વભાવ તરફ ઢળ્યો છે તેના ક્રમબદ્ધમાં અલ્પકાળમાં જ કેવળજ્ઞાન થવાનો કાળ હોય, તેને કાળ લાંબો ન હોય.

મોક્ષ એટલે સર્વ દુ:ખનો નાશ–સર્વ દુ:ખથી મૂકાવું તે મોક્ષ. પર્યાયમાં જે મિથ્યાત્વ-કષાય આદિનું અનંત દુ:ખ છે તેનાથી છૂટવું તે મોક્ષ છે. ભગવાન આત્મા–ત્રિકાળી ધ્રુવ સ્વભાવ રાગનો અને પર્યાયનો પણ કર્તા નથી તેના આશ્રયે જે પુરુષાર્થ છે તે સર્વ દુ:ખથી મુક્ત થવાનો પુરુષાર્થ છે.

દુ:ખ શું છે ?–કે મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ છે તે જ દુ:ખ છે. તે દુ:ખથી છૂટવાનો ઉપાય શું છે ?—કે સમયે સમયે થતી દશાનો નિર્ણય કરવા માટે, પૂર્ણાનંદના દળ ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે તેને સમયે સમયે ક્રમે થતી દશાનો સાચો નિર્ણય અને સાચો પુરુષાર્થ થાય છે. આવો પુરુષાર્થ કરનારને અલ્પકાળમાં સર્વ દુ:ખથી મુક્તિરૂપ મોક્ષ થાય છે.

ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કરનારની દૃષ્ટિ સ્વભાવ ઉપર જાય છે તેથી અમૃતચંદ્ર આચાર્યદેવે ૩૦૮ થી ૩૧૧ ગાથાના મથાળામાં એ જ કહ્યું કે આનાથી અકર્તાપણું જાહેર થશે. ક્રમબદ્ધ દ્વારા જ્ઞાતાપણાને જાહેર કરશું એનો અર્થ એ કે વસ્તુના ત્રિકાળી સ્વભાવનો આશ્રય કરવાની પ્રસિદ્ધિ કરશું. શાસ્ત્રમાં ગમે તે ભાવ કહ્યો હોય પણ તેનો સરવાળો 'વીતરાગતા'માં આવે છે—તાત્પર્ય વીતરાગતા છે.

વીતરાગતા ક્યારે થાય ?—કે સ્વસન્મુખ થાય ત્યારે જ વીતરાગતા થાય. કેમ કે પોતે વીતરાગમૂર્તિ છે તેની સ્વસન્મુખતાનો પુરુષાર્થ કરનારના ક્રમમાં અલ્પકાળમાં જ મુક્તિ હોય છે. તેને ભવ હોતાં નથી. મુક્તસ્વરૂપ ભગવાન તરફ ઢળ્યો છે માટે તેને અલ્પકાળમાં મુક્તિ થવાની છે. મુક્તિ એના ક્રમમાં જ આવશે પણ તે કાળ અલ્પ જ હશે.

ટીકા :—આ અતિ દીર્ઘ, સદા ઉત્પાતમય સંસારમાર્ગમાં કોઈપણ પ્રકારે જિનેશ્વરદેવના આ તીક્ષ્ણ અસિધારા સમાન ઉપદેશને પામીને પણ જે મોહ-રાગ-દ્વેષ ઉપર અતિ દૃઢપણે તેનો પ્રહાર કરે છે તે જ ક્ષિપ્રમેવ સમસ્ત દુઃખથી પરિમુક્ત થાય છે, અન્ય કોઈ વ્યાપાર સમસ્ત દુઃખથી પરિમુક્ત કરતો નથી......

આ સંસાર તો જુઓ ? અતિ લાંબો કાળ...ક્યાંય નાંખી નજર પહોંચે નહિ એવો અનાદિ...અનાદિનો અતિ લાંબાકાળનો સંસાર છે. મિથ્યાભ્રમમાં ક્યાંય રખડતો રઝળતો અહીં આવ્યો છે. રાગથી મને લાભ થાય, રાગ મારું સ્વરૂપ છે એવા પ્રકારનો મિથ્યાત્વભાવ અતિ દીર્ઘકાળથી ચાલ્યો આવે છે. વળી તે સદા ઉત્પાતમય એટલે આકુળતા—આકુળતામય છે.

જયસેન આચાર્યની સંસ્કૃત ટીકામાં દુર્લભતા બતાવી છે કે આ સંસારમાં એકેન્દ્રિયથી, બેઈન્દ્રિય, ત્યાંથી આગળ વધતાં વધતાં સંજ્ઞી પંચેન્દ્રિય અને તેમાં પણ વીતરાગનો સાચો ઉપદેશ પ્રાપ્ત થવો બહુ દુર્લભ છે. પૈસા મળવા તેમાં કોઈ દુર્લભતા કહી નથી. બોધિની પ્રાપ્તિ દુર્લભ છે.

ભવ પહેલાં ભવ....ભવ....ભવ જ છે, ભવની ક્યાંય આદિ જણાતી નથી. એવા અતિ દીર્ઘ સંસારમાં અને તે પણ સદા ઉત્પાતમય દુઃખમય છે તેમાં કોઈપણ પ્રકારે—મહા દુર્લભતાએ તીક્ષ્ણ અસિધારા જેવો એટલે તલવારની ધાર જેવો જિનેશ્વરદેવનો ઉપદેશ પામ્યો તે ઉપદેશ એવો છે કે રાગ-દ્વેષ-મોહને હણી નાંખે એવા સ્વરૂપવાળો છે.

જેમ, તલવાર સામાને કાપી નાંખે છે તેમ ભગવાનનો ઉપદેશ વિકારને હણી નાંખે અને સ્વભાવને પ્રાપ્ત કરાવે એવો છે. વીતરાગનો ઉપદેશ એવો તીખો અને સૂક્ષ્મ છે કે શુભરાગને પણ બંધનું કારણ જણાવે છે અને વીતરાગસ્વભાવનો આશ્રય કરાવે છે, આવો ઉપદેશ મળવો ઘણો દુર્લભ છે તોપણ જેને મહાભાગ્યે મળી ગયો છે તેની વાત કરે છે.

અહા ! અનંત અનંતકાળમાં મનુષ્યના ભવ અનંત કર્યાં, દેવના ભવ અનંત કર્યાં, નારકીના ભવ અનંત કર્યાં, સિંહ, વાઘ, કૂકડા, કૂતરા આદિ તિર્યંચના ભવ અનંત કર્યાં—તેમાં જિનનો ઉપદેશ પ્રાપ્ત થાય એવી દશા તો ઘણું કરીને મનુષ્યમાં જ છે. જિનના ઉપદેશમાં તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ હણવાની જ વાત આવે એટલે કે સમકિત અને વીતરાગતાને પામવાનો ઉપદેશ જ આવે. સમકિત અને વીતરાગતા દ્રવ્યના આશ્રયે જ પમાય, એ સિવાય કોઈના આશ્રયે ન પમાય એવો તીખો ભગવાનનો ઉપદેશ છે.

આવો ઉપદેશ પામીને જે અતિ ઉગ્રપણે સ્વભાવમાં જાય છે, વીતરાગી ખાણ ઉપર દૃષ્ટિ દે છે તેના મોહ-રાગ-દ્વેષ ઉપર દૃઢપણે પ્રહાર પડે છે. પ્રથમ તો સમ્યગ્દર્શન દુર્લભ છે અને તેના પછી ચારિત્રની પ્રાપ્તિ તો મહાદુર્લભ છે. સ્વરૂપમાં રમવું તે ચારિત્ર છે.

જિનોપદેશ પામીને, સ્વભાવ તરફના ઉગ્ર પુરુષાર્થથી શું મળે ? કે જંગલમાં જતાં ઠેસ વાગે અને નીચેથી હીરાનો ચરુ નીકળે તો એને કેવું થાય ?! એક એક હીરો કરોડનો અને એવા હીરાનો આખો ચરું મળે તેમ આ ભગવાન આત્મા એક એક એક રતન નહિ પણ એવા અનંત ચૈતન્યરતનનો આખો ચરું ભર્યો છે તે મળી જાય.

મિથ્યાત્વનું હણાવું એટલે કે સમ્યગ્દર્શનનું પામવું. સ્વભાવ તરફ જવાના તીવ્ર પુરુષાર્થથી, મોહ અને રાગ-દ્વેષ હણાય જાય છે. આ જ તેનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. ભગવાનનો ઉપદેશ સાધારણ નથી. અતિ તીક્ષ્ણધારા જેવો પ્રબળ છે. સ્વભાવ સન્મુખ થા ! વીતરાગતા પ્રગટ કર ! ત્યાં તને દુઃખથી મુક્તિ થશે.

આચાર્યદેવે ભાષા કેવી વાપરી છે ? ભગવાનના ઉપદેશને 'તીક્ષ્ણ અસિધારા' જેવો કહ્યો અને તેનાથી મોહ-રાગ-દ્વેષ ઉપર અતિ દૃઢપણે પ્રહાર કરવાનું કહ્યું. ફરીને મોહ ઊભો ન થાય એવો દૃઢ પ્રહાર કરે તેની મુક્તિ નજીક છે. ચૈતન્યસ્વભાવ ઉપર જોરદાર દૃષ્ટિ પડવાથી મિથ્યાત્વ ઉપર અતિ દૃઢ પ્રહાર પડે છે. ચારે બાજુથી દૃષ્ટિ

ફેરવી લે ત્યારે ચૈતન્ય ઉપર દૃષ્ટિ જાય છે, અને તે મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો નાશ કરે છે, સમકિતને ઉત્પન્ન કરે છે. વીતરાગભાવ ઉત્પન્ન કરે છે. આવો જીવ જ ક્ષિપ્રમેવ એટલે જલ્દીથી સર્વ દુઃખથી પરિમુક્ત થાય છે.

આમાં ક્રમબદ્ધ બરાબર બેસે છે. દ્રવ્યસ્વભાવ ઉપર દૃઢપણે જવું અને મોહ, રાગ, દ્વેષ ઉપર દૃઢપણે પ્રહાર કરવો એ જ ક્રમબદ્ધનું તાત્પર્ય છે અને એ જ તેનું ફળ છે.

सो सव्वदुक्ख मोक्खं તે જીવ જ પોતાની પ્રયોજનભૂત ક્રિયાનો કરનાર હોવાથી સર્વ દુઃખથી મુક્ત થાય છે. પ્રયોજન તો પૂર્ણ આનંદનું છે તે પ્રયોજન અર્થે જ પુરુષાર્થી જીવ અંતરસ્વભાવમાં પુરુષાર્થની ગતિ કરે છે. તેથી અલ્પકાળમાં જ કેવળજ્ઞાન પામે છે. જેને સ્વભાવનો આશ્રય થયો તેને અલ્પકાળમાં જ કેવળજ્ઞાન થવાનો કાળ હોય છે. એક–બે ભવે જ કેવળજ્ઞાન પામવાનો કાળ છે. એવો જ ક્રમ છે. તેનો અર્થ એમ નથી કે સ્વભાવ તરફ પુરુષાર્થ કર્યો માટે મુક્તિ જલ્દી થઈ અને ન કર્યો હોય તો મુક્તિ લાંબા કાળે થાત.

૪૭ નયમાં 'કાળે મોક્ષ' અને 'અકાળે મોક્ષની' વાત આવે છે ને? તેમાં અકાળનયમાં સમય ફરી જતો નથી પણ કાળ સિવાયના સ્વભાવ, પુરુષાર્થ આદિ ચારેય સમવાયને ભેળવીને અકાળનય કહી છે. કાળનયમાં કાળની મુખ્યતા છે અને અકાળનયમાં સ્વભાવ, પુરુષાર્થ, ભવિતવ્ય અને નિમિત્ત એ બધાં સાથે છે એમ જ્ઞાન કરાવવામાં આવે છે. એકલો કાળ જ નથી.

अचिरेण कालेन–અલ્પકાળમાં સર્વદુઃખથી મુક્ત થઈને કેવળ પામશે. માટે ત્યાં ક્રમબદ્ધ છૂટી જાય છે–એમ નથી. જેને આનંદના નાથનો આશ્રય આવ્યો અથવા ક્રમબદ્ધની અપેક્ષાએ કહીએ તો, જેને અકર્તાપણું પ્રગટ થયું તેને અલ્પકાળમાં મુક્તિની પ્રાપ્તિ થાય છે. જૈનનું અકર્તાપણું ત્યાં સુધી જાય છે કે પરનો તો હું કર્તા નહિ, રાગનો કર્તા નહિ અને પર્યાય જે આવે છે તેને હું કરું—એ પણ જ્યાં સુધી નથી એવું જિનેશ્વરનું કહેલું અકર્તાવાદીપણું છે.

અહા ! મરીને ક્યાં જઈશ ભાઈ ! અકસ્માત મૃત્યુ થઈ જાય છે, દેહ છોડીને ચાલ્યો જાય છે જ્યાં કોઈ જાણીતા નથી, જાણીતો ભવ નહિ, જાણીતા ભાવ નહિ—જાણીતું ક્ષેત્ર નહિ, ક્યાં જઈને ઉપજવું થશે ?!

શ્રોતા :—મોહ છે એટલે જ્યાં જાય ત્યાં 'મારું' માની લે છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—હા. જ્યાં જાય ત્યાં પોતાનું માની લે છે. આ તત્ત્વના ઊંડા સંસ્કાર જેને પડ્યાં છે તે મનુષ્ય થાય અથવા તો દેવ થાય બાકી તો મોટા ભાગના જીવો કષાયના આડા પરિણામ કરીને તિર્યંચમાં જાય છે. એક રાજાનું દૃષ્ટાંત છે ને ! રાજાને કોઈ ધર્માત્માએ કહ્યું કે, રાજન ! તમારો અવતાર કૂતરીની કૂંખે થવાનો છે. હેં ! હું ગલુડિયું થઈશ ? નહિ—નહિ–હું ત્યાં જાઉં એટલે મને મારી નાંખજો—એ જ્યાં કૂતરીને બચ્ચું થયું અને માણસ મારવા આવ્યો ત્યાં તો ભાગે છે. કેમ ? કેમ કે મોહને કારણે, જે પર્યાય મળી તે જ હું છું એમ માનીને બેઠો છે.

કૂતરીને બચ્ચાં આવતાં ભૂખ એટલી હોય કે બીજું કાંઈ ખાવાનું ન મળે તો પોતાના બચ્ચાને ખાઈ જાય. સર્પિણી તો જેટલા બચ્ચાને જન્મ આપે તે બધાંને ખાઈ જાય. કોઈક જ બચી જાય. ક્ષુધા ખૂબ લાગી હોય અને બહારમાં ખાવાનું કાંઈ તૈયાર ન હોય ત્યારે મા પણ બચ્ચાને ખાઈ જાય આવી દશા છે ?

આવા સંસારમાં ભમતાં પ્રભુ તને અતિ દુર્લભ તીખો જિનનો ઉપદેશ મળ્યો છે તો હવે તો ભ્રમણા ઉપર તીક્ષ્ણ પ્રહાર કર ! ભગવાન ઉપર જા અને ભ્રમણાનો નાશ કર ! પછી ફરીને મોહ ઉત્પન્ન થવાનો પ્રશ્ન જ નથી. અહીં તો ક્ષાયિકની જ વાત છે. દિગંબર સંતોની વાણીમાં ક્યાંય મોળાપણું નથી. આગળ આવ્યું હતું કે અમે કમ્મર બાંધીને બેઠા છીએ. પ્રમાદ તો ચોર છે. મહાવ્રતના પરિણામ આવે તે પણ પ્રમાદ હોવાથી ચોર છે. તેમાં અમારી શાંતિ લૂંટાય છે માટે અમારે સાવધાન રહેવું પડશે. સ્વભાવ સન્મુખની દશામાં સાવધાન રહેવું પડશે.

અહીં પણ એ કહ્યું કે સર્વ દુઃખથી મુક્ત થવા માટે અર્થક્રિયાકારી પુરુષાર્થ કરે છે.–ક્રમબદ્ધમાં આવી સ્થિતિ આવે છે, કોઈ દશા આગળ–પાછળ થતી જ નથી. દરેક પર્યાય તેના સ્વકાળે જ થાય છે. ૨૫ વર્ષ પછી થનારી પર્યાય અત્યારે થાય અને આ પર્યાય પછી થાય–એમ બને નહિ. દરેકને પોતાનો સ્વકાળ હોય જ.

સત્‌ને કોઈની અપેક્ષા ન હોય. અપેક્ષા હોય તેને સત્ ન કહેવાય. દર્શનમોહ કર્મના ઉદયને કારણે જીવને મિથ્યાત્વ છે—એમ નથી. તેમ જ સમ્યગ્દર્શન થવામાં દર્શનમોહના કર્મના અભાવની અપેક્ષા નથી. વસ્તુની શક્તિને મર્યાદા ન હોય. ક્ષેત્ર ભલે નાનું હો પણ સત્‌નું સત્ત્વ અમર્યાદિત જ હોય.

વીતરાગ પરમેશ્વરના માર્ગની વિધિ કોઈ અલૌકિક છે. આવા ઉપદેશને પામીને સ્વભાવ ઉપર દૃષ્ટિ કર અને તેમાં જ સ્થિર થા ? મોહ-રાગ-દ્વેષ ઉપર દૃઢપણે પ્રહાર કર ! સ્વભાવ સન્મુખ ઢળેલી પર્યાયમાં એવી તાકાત છે કે મોહનો મૂળમાંથી નાશ

કરે છે. આગળ ૯૦ ગાથામાં 'પ્રવણ' શબ્દ આવશે. પ્રવણ એટલે ઢળતી, મોહનો ક્ષય કરવા પ્રત્યે જે ઢળતી બુદ્ધિવાળા છે તે જ સ્વ-પરના વિવેકને-ભેદજ્ઞાનને પામે છે.

ભરતક્ષેત્રમાં ક્યાંય આવી અમૃતચંદ્ર આચાર્યના જોડની ટીકા નથી. ગજબ ટીકા છે ! જિનેશ્વરનો ઉપદેશ કેવો છે ?—કે અસિધારા જેવો તીક્ષ્ણ છે. તેને ગ્રહણ કરીને મોહ-રાગ-દ્વેષ ઉપર દૃઢ પ્રહાર કરવાનું કહ્યું છે, તેમાં પુરુષાર્થ છે. જેમાં મોહ-રાગ-દ્વેષ નથી એવા નિજસ્વભાવમાં ઢળી જા ! અનાદિકાળથી ભવભ્રમણ કરતાં નિગોદના પરિણામ થયા છતાં દ્રવ્ય અને ગુણને કાંઈ આંચ આવી નથી, દ્રવ્ય–ગુણ તો પૂર્ણ અખંડ રહ્યા છે તેમાં ઘસારો પણ લાગ્યો નથી. સંસારચક્રમાં અનેક જાતની પર્યાય ભજવા છતાં દ્રવ્ય–ગુણ એવા ને એવા છે. તેને ઘસારો લાગતો નથી, વિપરીતતા થતી નથી, હીનતા આવતી નથી કે અપૂર્ણપણું આવતું નથી.

આવા ઉપદેશમાં કરવાનું તો કાંઈ આવ્યું નહિ ?–આ કરવાનું આવ્યું ને ? તારું વલણ પર તરફ છે તેને સ્વતરફ લાવવું તેમાં પુરુષાર્થ આવ્યો કે નહિ ? પુરુષાર્થ વિના વલણ ફરતું નથી તેથી તો આચાર્યદેવ કહે છે કે 'હું કમર બાંધીને પુરુષાર્થ કરું છું'. મારું વીર્ય સ્વભાવ તરફ ઢળી જાય છે. મારી દૃષ્ટિ સ્વભાવ ઉપર ગઈ ત્યાં વીર્ય પણ સ્વભાવ તરફ ઢળે છે.

અરે ! આ મનુષ્યપણું ચાલ્યું જાય છે. ડોક્ટર દર્દીને જોવા જાય ત્યાં પોતાને એટેક આવી ગયો, ખ્યાલ આવી ગયો, હું હવે બચવાનો નથી. ખલાસ—એક સમય પણ ફરે તેમ નથી. આત્માના પ્રદેશો જે અહીં છે તે એક સમયમાં બીજે ચાલ્યાં જાય છે, કર્મ તેને લઈ જતાં નથી. પોતાની યોગ્યતાથી જીવ પોતે જ ત્યાં જાય છે. **'યોગ્યતા' એ પણ કોઈ અલૌકિક વાત છે.** યોગ્યતા પરને કારણે નથી.

ક્ષિપ્રમેવ—જલ્દી-અલ્પકાળમાં તેને કેવળજ્ઞાન થાય છે. જેણે કેવળજ્ઞાનના નાથનો આશ્રય લીધો તે અલ્પકાળમાં સર્વજ્ઞ થવાનો છે. દ્રવ્યની પ્રતીત કરી છે અને તેમાં જ સ્થિરતા કરે છે માટે તેના ફળમાં પૂર્ણતા અલ્પકાળમાં થવાની છે. તે સમસ્ત દુ:ખથી સર્વ પ્રકારે મુક્ત થવાનો છે. તેનો પુરુષાર્થ એમ સૂચવે છે કે તેના ક્રમમાં અલ્પકાળમાં મોક્ષ છે.

અહા ! વસ્તુની સ્થિતિ આવી છે પણ સર્વજ્ઞ વગર તેની સાક્ષી કોણ આપે ? આ કાળે અહીં સર્વજ્ઞનો વિરહ છે.

સ્વભાવદૃષ્ટિ દ્વારા મોહ-રાગ-દ્વેષ ઉપર દૃઢપણે કરેલો પ્રહાર જ તે જીવને સમસ્ત દુઃખથી એટલે શારીરિક, માનસિક સર્વ દુઃખથી પરિમુક્ત–સર્વ પ્રકારે મુક્ત કરે છે. અન્ય કોઈ ઉપાય તેને સર્વ દુઃખથી સર્વ પ્રકારે મુક્ત કરી શકતો નથી.

હવે તેનું દૃષ્ટાંત આપે છે કે જેમ મનુષ્યના હાથમાં તીક્ષ્ણ તરવાર હોવા છતાં પણ જો તે મનુષ્ય શત્રુઓ ઉપર અતિ જોરથી તરવારનો પ્રહાર કરે તો જ તે શત્રુ સંબંધી દુઃખથી મુક્ત થાય છે, અન્યથા નહિ અર્થાત્ ધીમે ધીમે તલવાર ચલાવ્યા કરે તો કાંઈ શત્રુનો નાશ ન થાય, ઘા કરે તો જ શત્રુનો નાશ થાય. તેમ રાગની મંદતા કરતાં કરતાં ધર્મ ન થાય. રાગ ઉપર નિર્દયપણે પ્રહાર કરવાથી તેનો નાશ થાય છે.

પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે ધર્મી, અનાદિના બંધુ એવા મિથ્યાત્વ અને રાગ-દ્વેષાદિનો નાશ કરી નાંખે છે. તે સ્વભાવ તરફના તીવ્ર પુરુષાર્થથી થાય છે. ભક્તિ, પૂજા, જાત્રા કે દાનાદિના રાગથી શત્રુનો નાશ થતો નથી.

આ અનાદિ સંસારમાં મહાભાગ્યથી જિનેશ્વરદેવના ઉપદેશરૂપ તીક્ષ્ણ તરવાર પામવા છતાં પણ જો જીવ મોહ-રાગ-દ્વેષરૂપ શત્રુઓ ઉપર અતિ દૃઢતાથી તેનો પ્રહાર કરે છે તો જ તે સર્વ દુઃખથી મુક્ત થાય છે, અન્યથા નહિ. પ્રથમ તો જિનેશ્વરનો ઉપદેશ કેવો હોય તે જાણવું જોઈએ. જિનેશ્વરનો ઉપદેશ વીતરાગતા ઉત્પન્ન કરવાનો હોય છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે કે સર્વ ઉપદેશનો સાર 'રાગનો નાશ કરવો' તે છે. તેમાં મિથ્યાત્વનો રાગ અને અસ્થિરતાનો રાગ–એ બંને આવી જાય.

જિનેશ્વરનો–સાચો ઉપદેશ કાને પડવો તે પણ મહાભાગ્ય છે. એ ઉપદેશ પામીને વીર્યનું જોર સ્વભાવ તરફ ઢળે તો જ તે ઉપદેશ કાર્યકારી થાય છે. જેની જરૂરીયાત જણાય ત્યાં પુરુષાર્થ ઢળ્યા વિના રહે જ નહિ. કારણ કે 'રુચિ અનુયાયી વીર્ય' હોય છે.

હવે જુઓ, આચાર્ય પોતે કહે છે કે માટે જ હું સર્વ આરંભથી મોહનો ક્ષય કરવા માટે પુરુષાર્થનો આશ્રય કરું છું. પુરુષાર્થનો આશ્રય કરું છું એમ કહ્યું ત્યાં આશ્રય તો દ્રવ્યનો છે પણ તેની પરિણતિ પુરુષાર્થથી પ્રગટ થાય છે, રાગથી પ્રગટ થતી નથી. આમ આચાર્યદેવ પોતે પોતાની વાત કરે છે કે સ્વભાવ તરફ ઢળવાનો મારો પુરુષાર્થ છે અને શ્રોતાઓને પણ પુરુષાર્થ કરવાનું કહે છે.

*

# પોતાની પર્યાય પણ પરદ્રવ્ય !!

પંચમ આરાના સંતો પંચમ આરાના શ્રોતાઓને પોકાર કરીને કહે છે કે તું એકરૂપ પૂરણ પ્રભુ છો, તે જ આશ્રય કરવા લાયક છે. ત્રિકાળી એકરૂપ જ્ઞાયક પ્રભુનો આશ્રય કરનારી પર્યાય પણ આશ્રય કરવાયોગ્ય નથી. સનાતન સત્ એક જ ઉપાદેય છે ને એક સમયની મુદતવાળી પર્યાય ઉપાદેય નથી. ત્રિકાળી એકરૂપ વસ્તુને તથા લોકાલોકને જાણનારી પર્યાય પણ ઉપાદેય નથી. ઔદયિકાદિ ચારે ભાવો શુદ્ધ નિશ્ચયનયના બળે હેય છે, કેમ કે તેઓ પરસ્વભાવો છે અને તેથી જ તે પરદ્રવ્ય છે. સ્ત્રી-પુત્ર-પૈસા આદિ પરદ્રવ્યો તો ક્યાંય રહ્યાં, પણ જે એની પર્યાય છે, નિર્મળ પર્યાય છે તે પણ પરદ્રવ્ય છે. કેમ કે જેમ પરદ્રવ્યમાંથી પોતાની આનંદની પર્યાય આવતી નથી તેમ ક્ષાયિક આદિ પર્યાયમાંથી પણ નવી આનંદ આદિની પર્યાય આવતી નથી માટે તેઓ પરદ્રવ્ય છે. પર્યાયમાત્રને પરદ્રવ્ય કહીને હેય કહ્યું તો સ્વદ્રવ્ય કોણ ?—કે ત્રિકાળી અનંત ગુણાત્મક શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય છે. પરંતુ એ સ્વદ્રવ્યના આશ્રયે પણ તારું કાર્ય નહિ થાય, કેમ કે ત્રિકાળી અનંત ગુણાત્મક શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય છે તે ભેદરૂપ છે ને ભેદના આશ્રયે તારું કાર્ય નહિ થાય. પરંતુ જે સ્વદ્રવ્યનો આધાર છે, જેનું લક્ષણ સહજ પરમપારિણામિકભાવ છે એવો કારણસમયસાર એક જ આશ્રય કરવા લાયક છે, આદરવા લાયક છે ને ઉપાદેય છે.

(શ્રી નિયમસાર ગાથા ૫૦ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧-૯-૮૦)

હેય-ઉપાદેય અથવા ત્યાગ—ગ્રહણના સ્વરૂપનું કથન કરતાં આચાર્યદેવ કહે છે કે :—

**પૂર્વોક્ત ભાવો પર—દરવ પરભાવ, તેથી હેય છે;**
**આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.**

એક કોર પ્રભુ આત્મા ને એક કોર વિકલ્પ ને પર્યાય બધું પરમાં જાય છે.

જે કોઇ વિભાવગુણપર્યાયો છે તેઓ જાણવા લાયક છે પણ આદરવા લાયક નથી. શુદ્ધ નિશ્ચયનયના બળે એ ચારેય ભાવો હેય છે. ૪૯મી ગાથામાં જે ચાર ભાવોને—ઔદયિક આદિને વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેય કહ્યાં હતાં તેઓ શુદ્ધનયના બળે ખરેખર હેય છે, એ ભાવો આદરવા લાયક નથી. અનંત ચતુષ્ટય પ્રગટ થાય તે પણ ત્રિકાળીની અપેક્ષાએ—શુદ્ધનયના બળે હેય છે.

પંચમ આરાના સાધુ પંચમ આરાના શ્રોતાને આ કહે છે. ત્રિકાળી જ્ઞાયકભાવની અપેક્ષાએ પર્યાયમાત્ર હેય છે, આદરવા લાયક નથી, આશ્રય કરવા લાયક નથી, ઉત્તમ માનવા યોગ્ય નથી, શરણ કરવા લાયક નથી. પંચમ આરાના પ્રાણી હલ્કા પુણ્ય લઈને આવ્યા છે તેને એમ કહે છે કે તું પૂરણ એકરૂપ પ્રભુ છો, એ એક જ આદરણીય છે. તેના તરફ જે પર્યાય જાય, લક્ષ કરે એ પર્યાય પણ આદરણીય નથી, હેય છે. સ્વદ્રવ્યનો આશ્રય કરનારી પર્યાય પણ હેય છે. સનાતન અખંડ એકરૂપ વસ્તુની દૃષ્ટિ કરનાર પર્યાય પણ હેય છે. દૃષ્ટિ કરનાર પર્યાયનો વિષય એ એક જ આદરણીય છે.

પૂર્ણાનંદનો નાથ એકસ્વરૂપે બિરાજમાન છે તેને અનેકપણાનો આળ ન દેવો. ત્રિકાળી સનાતનમાં અનાદિ–સાંત ને સાદિ–અનંત પર્યાયનો અભાવ છે અને તે પર્યાય હેય છે. સંસાર અનાદિ–સાંત ને મોક્ષ સાદિ–અનંત, પણ એ બધું પર્યાય છે, તેની મુદ્દત એક સમયની છે, ત્રિકાળીમાં તેનો અભાવ છે, માટે તેઓ હેય છે. બંધની પણ એક સમયની સ્થિતિ છે ને રૂપાંતર થઈને મોક્ષ થાય એની પણ એક સમયની સ્થિતિ છે, ત્રિકાળીમાં એ નથી, માટે હેય છે.

રાગમાં અટકવાની બંધપર્યાય ને મોક્ષપર્યાય પોતાથી થઈ છે, પરથી પર્યાય થઇ નથી પણ એ બન્ને એક સમયની સ્થિતિવાળા છે, તેથી તે ત્રિકાળસ્થિત વસ્તુની અપેક્ષાએ છોડવાલાયક છે, હેય છે. શા કારણથી હેય છે?—કે તેઓ પરસ્વભાવ છે. કેવળજ્ઞાન એ પરસ્વભાવ છે, ત્રિકાળસ્વભાવ નથી. વિકાર તો પરસ્વભાવ છે જ પણ આ તો શુદ્ધપર્યાય પણ પરસ્વભાવ છે આહાહા!

ભાઈ! તારો નાથ એવો છે કે જેની કિંમત આગળ એક સમયની પર્યાયની કિંમત નથી. ત્રિકાળી સ્વભાવની કિંમત આગળ કેવળજ્ઞાનની એક સમયની પર્યાયની કિંમત નથી. દ્રવ્યસ્વભાવ આનંદરૂપ છે ને ચાહે તો તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ હો પણ તે દુ:ખરૂપ છે અને દ્રવ્યસ્વભાવની સન્મુખ થઈને નિરાકુળતા પ્રગટ થાય તે પણ ત્રિકાળી નિરાકુળતા આગળ હેય છે. શા કારણે હેય છે?—કે તેઓ પરસ્વભાવ છે.

રાગની એકતાનો ભાવ પરસ્વભાવ, તેમ મુક્તિની અવસ્થા પણ પરસ્વભાવ;

આહાહા ! કાને પડવું મુશ્કેલ છે. મોક્ષનો ઉત્પાદ ને બંધનો વ્યય એ પણ એક સમયની મુદતવાળા છે, મુક્તસ્વરૂપ ભગવાન આત્મા આગળ તેઓ હેય છે. મુક્તસ્વરૂપ ભગવાન આત્મા કહેતા કાંઈ તેને મુક્તિની અવસ્થાની અપેક્ષા હશે એમ નથી, ત્રિકાળ મુક્તસ્વરૂપ જ છે.

બંધ–મોક્ષ છે, પર્યાય છે, પણ એક સમયની મુદતવાળી છે ને ભગવાન એકરૂપ ત્રિકાળ છે. જે સનાતન ટંકોત્કીર્ણ ત્રિકાળ વસ્તુ છે, ઉત્પાદ ને વ્યયનો જેમાં અભાવ છે તે એક જ આદરણીય છે. ઉત્પાદ-વ્યય ને ધ્રૌવ્ય ત્રણે સત્ છે. પણ ઉત્પાદનો એક સમય છે ને વ્યયનો પણ એક સમય છે. ત્રિકાળી એકરૂપ જ્ઞાયકભાવ સનાતન સત્ છે, જેમાં ઉત્પાદ–વ્યય પણ નથી ને હીનાધિકતા પણ નથી ને અનેકરૂપતા પણ નથી, એ તો એકરૂપ ત્રિકાળી સનાતન સત્ છે. પ્રભુ ! તારે ત્યાં દૃષ્ટિ દેવાની છે.

ઉત્પન્ન થતી પર્યાય તો એક સમય પછી વ્યય પામી જશે, એ ઉત્પાદ–વ્યયની દૃષ્ટિ છોડી દે. ભલે તે સત્ છે પણ એક સમયનું સત્ છે ત્યાંથી દૃષ્ટિ છોડી દે ને સનાતન સત્ની દૃષ્ટિ કર. ત્રિકાળી એકરૂપની દૃષ્ટિ કરે છે તે પર્યાય છે. ત્રણે કાળે પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહીં છતાં એ એક સમયની પર્યાયની દ્રવ્ય આગળ કિંમત નથી. ક્યાં બંધની પર્યાય ને ક્યાં ત્રણકાળ ત્રણલોકને જાણતી મોક્ષની અવસ્થા !—છતાં એ અવસ્થા પણ, ત્રિકાળ એકરૂપ પ્રભુના આશ્રય આગળ હેય છે.

જેવડો એ કહેવાય છે તે એક સમયમાં વર્તમાનમાં ત્રિકાળ છે. સનાતન એકરૂપ વસ્તુને જાણનારી પર્યાય છે પણ એ પર્યાય પણ, અરે ! દ્રવ્યને ને ત્રણ લોકને જાણનારી પર્યાય પણ હેય છે. પ્રભુ ! તારી ઊંધી માન્યતા પણ એક સમયની છે અને એ પર્યાયને પલટતા વાર નહીં લાગે ! ત્રિકાળી જ્ઞાયકભાવ અંદર બિરાજે છે તેનો આશ્રય લેતાં એ ઊંધી માન્યતા બીજા સમયે નહીં રહી શકે.

બંધ ને મોક્ષની પર્યાયને હેય કહ્યાં, કારણ ?–કે એની સ્થિતિ એક સમયની છે. ત્રિકાળ દ્રવ્ય છે તે સનાતન સત્ છે, તેની આગળ બંધ–મોક્ષ પરસ્વભાવે છે માટે હેય છે. બંધ–મોક્ષની મુદ્દત એક સમયની છે. ભલે સમયાંતર થતાં થતાં અનંતા કાળ જાય પણ તેની મુદ્દત એક સમયની છે માટે તે પર્યાય પરસ્વભાવ છે, માટે તે હેય છે. હેય છે તે ઉપાદેયનો આશ્રય કરે છે. પરસ્વભાવ છે તે સ્વસ્વભાવનો આશ્રય કરે છે.

મોક્ષની પર્યાય પણ એક સમય રહે છે, એવી ને એવી પર્યાય નવી નવી થાય પણ એ પર્યાય તો એક સમય જ રહે છે માટે હેય છે. ચારે ભાવોને હેય કેમ કહ્યાં ?–કે તેઓ પરસ્વભાવો છે. અને તેઓ પરસ્વભાવો છે તેથી જ પરદ્રવ્ય છે.

કેવળજ્ઞાન પરસ્વભાવ છે ને ત્રિકાળીભાવ છે તે સ્વસ્વભાવ છે. ઉત્પન્ન થાય છે તે પરસ્વભાવ છે ને સનાતન છે તે સ્વસ્વભાવ છે. પરસ્વભાવ છે તેથી જ તે પરદ્રવ્ય છે. અહીં પરની વાત નથી. પોતાની પર્યાયની જ વાત છે. બંધ ને મોક્ષપર્યાય પરદ્રવ્ય છે. પરદ્રવ્ય કેમ ?—કે પરદ્રવ્યમાંથી પોતાની પર્યાય આવતી નથી તેમ મોક્ષની પર્યાયમાંથી પણ નવી પર્યાય આવતી નથી માટે તે પરદ્રવ્ય છે. ત્રિકાળીની અપેક્ષાએ તે હેય છે, પરસ્વભાવ છે અને તેથી જ તે પરદ્રવ્ય છે. કેવળજ્ઞાન પર્યાય, સિદ્ધ પર્યાય, અનંત ચતુષ્ટય પર્યાયમાં પ્રગટ થવા છતાં તે પરદ્રવ્ય છે. કેમ કે તેમાંથી નવી પર્યાય આવતી નથી. જેમ આનંદની પર્યાય પરદ્રવ્યમાંથી આવતી નથી તેમ પર્યાયમાંથી નવી આનંદની પર્યાય આવતી નથી તેથી તે પરદ્રવ્ય છે. ત્રિકાળીમાંથી—ત્રિકાળીના આશ્રયથી આનંદની નવી પર્યાય આવે છે માટે તે સ્વદ્રવ્ય છે.

સર્વ વિભાવગુણપર્યાયથી રહિત શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય છે. ખરેખર સહજ જ્ઞાન-સહજ દર્શન-સહજ ચારિત્ર-સહજ વીતરાગ સુખાત્મક શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય છે. પર્યાયને પરદ્રવ્ય કહ્યું ને સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું. ત્રિકાળી સ્વભાવ તે સ્વદ્રવ્ય છે. એ સ્વદ્રવ્યનો આધાર કારણસમયસાર છે. સ્ત્રી-પુત્ર કે શરીર આદિને તો પરદ્રવ્યમાં પણ ન લેતાં—એ તો ક્યાંય રહ્યાં—પર્યાયને પરદ્રવ્ય કહ્યું ને ત્રિકાળી સ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું. એ સ્વદ્રવ્યનો આધાર કારણસમયસાર છે, ત્યાં દૃષ્ટિ દેવાની છે.

અલ્પ સત્ત્વમાંથી આનંદની નવી દશા ઉત્પન્ન થતી નથી, તેથી ચારેય પર્યાય પોતાના અસ્તિત્વમાં હોવા છતાં તેને પરદ્રવ્ય કહ્યું છે. ત્રિકાળી જ્ઞાન આનંદ આદિ ધ્રુવ રહેનારા ગુણને સ્વદ્રવ્ય કહ્યું ને એ સ્વદ્રવ્યનો આધાર કારણપરમાત્મા છે. એકરૂપ સહજ સ્વભાવભાવ તે સ્વદ્રવ્ય અને તેનો આધાર સહજ પરમપારિણામિકભાવલક્ષણ કારણસમયસાર છે.

સ્ત્રી-પુત્ર-પૈસા કે શરીરાદિ તો ક્યાંય રહ્યાં, એ તો તારા અસ્તિત્વમાં પણ નથી પરંતુ તારા અસ્તિત્વમાં જે ઔદયિકાદિ ચાર ભાવો છે તેમાંથી નવી આનંદની પર્યાય આવતી નહીં હોવાથી તેઓ પરદ્રવ્ય છે. ત્યારે સ્વદ્રવ્ય કોણ ? કે ત્રિકાળી સહજ જ્ઞાન આનંદ અનંતગુણાત્મક શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય છે અને તે સ્વદ્રવ્યનો આધાર કારણસમયસાર છે.

પોતાની પર્યાય જે પરદ્રવ્યને સ્પર્શતી પણ નથી તેને તો એક બાજુ રાખો પણ જે પોતાની પર્યાયના અસ્તિત્વમાં છે એ શાંતિ, આનંદ આદિની પર્યાયમાંથી નવી આનંદ આદિની પર્યાય આવતી ન હોવાથી પરદ્રવ્ય કહ્યું ને ત્રિકાળી ગુણોને સ્વદ્રવ્ય

કહ્યું. કેવળજ્ઞાનની પર્યાયને પણ પરદ્રવ્ય કહ્યું, તો સ્વદ્રવ્ય કોણ ?—કે ત્રિકાળી ગુણસ્વભાવ તે સ્વદ્રવ્ય. અનંત ગુણસ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું તો તેનો આધાર કોણ ?—કે ત્રિકાળી એકરૂપ કારણસમયસાર તે સ્વદ્રવ્યનો આધાર છે. ત્રિકાળી સહજજ્ઞાન-ત્રિકાળી સહજ-દર્શનાત્મક શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય છે, તેનો આધાર કારણસમયસાર છે, એ કારણસમયસાર ઉપાદેય છે.

પર્યાયની અનેકતાને પરદ્રવ્ય કહ્યું ને ગુણની અનેકતાને સ્વદ્રવ્ય કહ્યું એ સ્વદ્રવ્યનો આધાર એકરૂપ કારણસમયસાર છે. તેનો આશ્રય લેતાં સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષની પર્યાય પ્રગટ થાય છે. આહાહા ! ગજબ વાત છે ! સંતોની વાતો ! તેમાંય શ્રીમદ્ કુંદકુંદાચાર્યદેવ ! અને તે પણ કહે કે મારા માટે આ નિયમસાર બનાવ્યું છે ! એ નિયમસારમાં અહીં કહે છે કે ચારેય ભાવોને—ક્ષાયિક ભાવને પણ અમે પરદ્રવ્ય કહીએ છીએ. કેમ કે તેમાંથી નવી પર્યાય આવતી નથી અને અનંતગુણો છે તે સ્વદ્રવ્ય છે અને તેનો આધાર સહજ પરમપારિણામિકભાવલક્ષણ કારણસમયસાર છે, તે જ ઉપાદેય છે, આશ્રય કરવા લાયક છે. એ કારણસમયસારના આશ્રયે કાર્યસમયસાર થાય છે.

ત્રિકાળી અંતઃસ્વભાવ તે સ્વદ્રવ્ય અને તેનો આધાર જેનું લક્ષણ સહજ પરમ પારિણામિકભાવ છે એવો કારણસમયસાર છે. કારણસમયસાર કેમ કહ્યું ?—કે એ કારણસમયસારના આશ્રયે કાર્ય આવે છે. પર્યાયને પરદ્રવ્ય કહ્યું, અનંત ગુણોને સ્વદ્રવ્ય કહ્યું પણ ત્રિકાળી પરમપારિણામિકને દ્રવ્ય ન કહેતાં કારણસમયસાર કહ્યું. કેમ કે તેના આશ્રયે કાર્ય આવે છે. અંતતત્ત્વ તો ત્રિકાળી સ્વભાવ છે પરંતુ એ અનંત ગુણાત્મક છે, તેના આશ્રયે તારું કાર્ય નહીં થાય, એ અનંતગુણાત્મક સ્વદ્રવ્યનો આધાર જે કારણસમયસાર છે તેના આશ્રયે તારું કાર્ય થશે. માટે એ કારણસમયસાર ઉપાદેય છે, આશ્રય કરવા લાયક છે.

અનંતગુણાત્મક સ્વદ્રવ્યનો આધાર કોણ ?—કે જેનું લક્ષણ સહજ પરમપારિણામિક ભાવ છે એવો કારણસમયસાર તે આધાર છે, તેના આશ્રયે તારું કાર્ય આવે છે. ત્રણ લોકના નાથનો આ પોકાર છે. પરદ્રવ્યનું લક્ષ તો છોડી દે પણ પર્યાયરૂપ જે પરદ્રવ્ય છે તેનું લક્ષ છોડી દે. અરે ! જે અનંતગુણાત્મક સ્વદ્રવ્ય છે તે ભેદરૂપ છે માટે તેનું પણ લક્ષ છોડી દે ! તેનો આધાર જે સહજ પરમપારિણામિકભાવલક્ષણ કારણસમયસાર તેનું પણ લક્ષ કર. અનંતગુણોનો આધાર છે તેનું લક્ષણ શું ? ક્યાં લક્ષણથી તે જણાય ?—કે સહજ પરમપારિણામિકભાવ તેનું લક્ષણ છે. એવા કારણ-સમયસારનું લક્ષ કર.

*

[તા. ૫-૮-૨૦૦૧]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર વાંચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : 'શ્રી નાટક-સમયસાર' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

## ★ ધાર્મિક શિક્ષણવર્ગ ★

પ્રતિવર્ષ પૂજ્ય બહેનશ્રીના જન્મોત્સવ પર રાખવામાં આવતો 'પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ'નો પ્રારંભ તા. ૩૦-૭-૨૦૦૧, સોમવારથી થઈ ગયેલ છે. જેની પૂર્ણાહુતિ તા. ૧૮-૮-૨૦૦૧, શનિવારના દિવસે થશે. ગુજરાતી શિક્ષણાર્થીઓ ઉપરાંત ઘણા હિન્દીભાષી મુમુક્ષુઓ પણ શિક્ષણવર્ગનો લાભ લેવા પધારેલ છે.

★ પૂજ્ય બહેનશ્રીની ૮૮મી જન્મજયંતીના વિસ્તૃત સમાચાર આગામી સપ્ટેમ્બરના અંકમાં આપવામાં આવશે.

★ **દશલક્ષણપર્યુષણપર્વ :—** ભાદરવા સુદિ ૫, ગુરુવાર, તા. ૨૩-૮-૨૦૦૧ થી ભાદરવા સુદિ ૧૪, શનિવાર, તા. ૧-૯-૨૦૦૧ સુધી દસ દિવસ શ્રી દશલક્ષણપર્યુષણપર્વ દશલક્ષણમંડલ-વિધાનપૂજા તથા મુનિધર્મ મહિમા યુક્ત અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઊજવવામાં આવશે. એ જ રીતે તા. ૩૧-૮-૨૦૦૧, શુક્રવારથી તા. ૨-૯-૨૦૦૧, રવિવાર સુધી ત્રણ દિવસ 'રત્નત્રયધર્મ' પર્વ પણ ઊજવવામાં આવશે.

★ **ઉત્તમ ક્ષમાવણીપર્વ :—** ભાદરવા વદિ ૧, સોમવાર, તા. ૩-૯-૨૦૦૧ ના દિવસે ક્ષમાવણીપર્વ, ક્ષમાવણીપૂજા, સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

આ રીતે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરી સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મતત્ત્વજ્ઞાનની ઉપાસના, જિનેન્દ્રપૂજાભક્તિ આદિ અનેકવિધ પ્રસન્ન વાતાવરણથી તથા વિભિન્ન યાત્રિકોના આગમનથી સદા હરીભરી રહે છે. આ બધો ભવ્ય પ્રતાપ તેઓ બંને સંતોના ધર્મોપકારનો છે. અહો ! જયવંત વર્તો પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનો ધર્મોપકાર-પ્રતાપ !!

*

## ભાઈ ! ભવિષ્યમાં તારું શું થશે ? વિચાર તો કર !

અરે ! આખોદિ ધંધા ને બાયડી-છોકરાની મમતામાં પાપમાં જીવન ગાળે છે એનું શું થશે ? એકલી મમતા મમતા ને મમતાના ફળમાં મરીને ઢોરમાં જશે. અહીં વાણીયો કરોડપતિ હોય ને મરીને ભૂંડ થાય ને વિષ્ટા ખાશે. એણે મારું શું થશે એમ નક્કી કરવું જોઈએને !—તે હું મરીને ક્યાં જઈશ ! અહીં તો થોડો કાળ રહેવાનું છે પછી મારું શું થશે ને ક્યાં જઈશ એ નક્કી કરવું જોઈએ.

પ્રશ્ન :—ક્યાં જઈશ એ નક્કી થઈ શકે ?

ઉત્તર :—હા, શાસ્ત્રથી પરિણામ મેળવે તો નક્કી થઈ શકે છે.

પ્રશ્ન :—અમે તો આપના શરણે આવ્યા છીએ એટલે અમારી નાવ પાર કરી દો !

ઉત્તર :—કોઈ કોઈનું કાંઈ કરી શકે છે ? અહીં સાંભળે છે એના પરિણામ તો સારા રહે ને એનું ફળ સારું આવે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ એવી અધ્યાત્મની વાત જૈનમાં પણ ૫૦–૬૦ વર્ષ પહેલાં સાંભળી ન હતી, આવી વાત અત્યારે સાંભળે છે એને પુણ્ય ઊંચા જ થાય, એ મરીને સ્વર્ગમાં જાય કે મનુષ્ય થાય.

—પૂજ્ય ગુરુદેવ

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

❀ સાક્ષાત્ ભગવાન, તેમની વાણી અને સાંભળવાથી થતો વિકાસ એ બધા જ્ઞેયો છે, તેમાં અજ્ઞાની આસક્ત થયો છે.

શ્રોતા :—વાણી સાંભળીને વિચાર કરે તો અંતરમાં આવી શકે ને?

પૂજ્યશ્રી :—ઈ વિચારમાં રોકાણો છે ઈ પરજ્ઞેયમાં આસક્ત થયો છે. પરમાં આસક્તિથી સ્વમાં આવી શકે?

શ્રોતા :—એને ગુરુનો બોધ નહીં લાગતો હોય?

પૂજ્યશ્રી :—અંતરમાં લાગતો નથી. ભગવાનનો હુકમ છે કે તું તારા આત્મામાં જા. એ હુકમને તે માનતો નથી.

શ્રોતા :–ઈ તત્ત્વની વિરાધના કરે છે?

પૂજ્યશ્રી :–હા, તત્ત્વની વિરાધના કરે છે ને અતત્ત્વની આરાધના કરે છે. ભાઈ! આકરી વાત છે. આ ૧૧ અંગવાળો શુક્લલેશ્યાવાળો ભગવાન પાસે ગયો પણ પોતાના ભગવાન પાસે ન ગયો, તેથી જ્ઞેયોમાં આસક્ત છે. ૨૧૭.

❀ તારો મહિમા કર, બીજો બધો મહિમા છોડ—એમ કહેવામાં આવે, પરંતુ હું શુદ્ધ છું ને પરિપૂર્ણ છું એવો મહિમા આવે છે ઈ પણ વિકલ્પાત્મક મહિમા છે. ખરેખર તો સ્વસન્મુખ થતાં અંતરમાં ઢળે છે ત્યારે જ સાચો મહિમા આવ્યો છે. ૨૧૮.

❀ (વિકલ્પાત્મક નિર્ણયની વાત ચાલતાં)...આવા નિર્ણયમાં વિકલ્પ સહિત હોવા છતાં, મિથ્યાત્વનો રસ મંદ પડે છે, અભાવ તો પછી થાય છે. વિકલ્પ રહિત થઈને વસ્તુનો અનુભવ થતાં મિથ્યાત્વનો અભાવ થાય છે. જેને રાગ સહિત આવો નિર્ણય કે જે રાગાદિ ક્રિયાથી જુદી જાતનો છે તેની પણ જેને ખબર નથી, તે વિકલ્પ રહિત વસ્તુનો અનુભવ કરી શકતો નથી. ૨૧૯.

❀ જેમ તેલ પાણીનાં પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, પાણીના દળમાં પેસતું નથી તેમ વિકાર ચૈતન્યના પ્રવાહમાં ઉપર ને ઉપર તરે છે, ચૈતન્યના દળમાં પેસતો નથી. ૨૨૦.

*

## ❀ સ્વાધ્યાય બિના પાપ નહીં છૂટતા ❀

મેરે જિતને દિન શાસ્ત્રાભ્યાસમેં જાતે હૈં સો ધન્ય હૈ તથા જો સમય પરમાગમકે અભ્યાસ બિના બીતતા હૈ સો વ્યર્થ જાતા હૈ. સ્વાધ્યાય બિના શુભધ્યાન નહીં હોતા, પાપ નહીં છૂટતા, કષાયેં મંદ નહીં હોતી; સંસાર, દેહ, ભોગોંસે વૈરાગ્ય નહીં આતા. સમસ્ત વ્યવહારકી ઉજ્જ્વલતા એવમ્ પરમાર્થકા વિચાર આગમકે સેવન કરનેસે હી હોતે હૈં.

*—શ્રી રત્નકરંડ શ્રાવકાચાર*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦
સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]
Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334